GJVD021975382025

:: આંક–૧ લગત હુકમ ::

**(૧)** ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ ગુના અંગેનું ચાર્જશીટ કરેલ. પરંતુ આ કામે ગુજરાત નશાબંધી (દારૂના નમૂના અને જપ્ત થયેલ દારૂના જથ્થાની ગણતરી) નિયમો–૨૦૧૨ નો પેટા નિયમ–૯ મુજબ મિનીમમ જથ્થો ૨૦ લીટર સુધી નક્કી કરવામાં આવેલો હોઈ, આ કામે આરોપી સામે પ્રોહિ. એક્ટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબનું તહોમતનામું ફરમાવેલું છે.

**(૨)** ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે મળ્યાની ખાતરી કરી **ચાર્જ– પ્લી આંક–** થી રેકોર્ડ કરતાં, આરોપી સ્વૈચ્છિક રીતે અને રાજી–ખુશી થી કબુલાત કરેલ તેમજ **આંક–** થી અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમણે ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પૂરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

**(૩)** આરોપી સામે પ્રોહિ. ધારા કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના ગુનાનું તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે, બાળ બચ્ચાવાળો માણસ છે અને ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહીં કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુનો હોવાનું જણાય છે તથા કુટુંબના સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને ન્યૂનતમ દંડ કરવામાં આવે તો સમાજમાં માનમોભાભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછી સજા અને દંડ કરવો ન્યાયિક અને ઉચિત માનું છું.

**(૪) માન. ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧)જી.એલ.આર.–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોર** ના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચલી અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. અને

સદરહું ચુકાદાના પેજ નં. ૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં, ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થાય છે. જેથી, આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે, તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્ર પણે માનું છું. અને સજા અંગે વિદ્વાન એ.પી.પી. તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

**૧.** આ કામના આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪** અન્વયે **ધી પ્રોહિબિશન ધારાની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂપિયા ૧,૦૦૦/– (અંકે રૂ. એક હજાર પુરા)** નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો **દિવસ–૨** ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

**૨.** અપીલ સમય પૂરો થયે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દારૂનો નાશ કરવો તથા અન્ય મુદ્દામાલ પરત સોંપવા અંગે જો કોઈ સક્ષમ કોર્ટે વચગાળાનો હુકમ કરેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે.

**૩.** આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

**૪.** આરોપીએ બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૧ મુજબની જોગવાઈનું પાલન કરવું.

આ હુકમ આજરોજ **<u>ખુલ્લી અદાલત / સ્પે. સીટીંગમાં</u>** વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– વડોદરા.
તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬

(મિતેશ બી. મહેતા)
૨૭માં એડી. ચીફ જ્યુડી. મેજી.,
વડોદરા.
કોડ: જીજે–૦૧૩૭૬

હુકમની સમજ મળી છે.

......................
(આરોપીની સહી)